પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૩૨ | ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૦, શુક્રવાર; મહા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઉમેદવારોનો કલંકિત ઈતિહાસ જાહેર કરો : સુપ્રીમ

**આદેશ નહીં માનનારા સામે કાર્યવાહી : તમામ રાજનીતિક પાર્ટીઓને ઉમેદવારો જાહેર કર્યાના ૭૨ કલાકની અંદર ચૂંટણી પંચને તેની જાણકારી આપવી પડશે આ સાથે જ જાહેર કરવામાં આવેલા ઉમેદવારોની જાણકારીને સ્થાનિક ન્યૂઝ પેપરમાં છપાવવાની રહેશે : રાજકીય પક્ષે દર્શાવવું પડશે કે ઉમેદવારને ટિકિટ શું કામ આપી? : સુપ્રીમના આદેશથી ખળભળાટ**



નવી દિલ્હી,તા. ૧૩

સુપ્રીમ કોર્ટે આજે એક ઐતિહાસિક અને મહત્વપૂર્ણ આદેશમાં રાજકીય પક્ષોને પોતાના ઉમેદવારોના અપરાધિક રેકોર્ડ પ્રજાની સમક્ષ રજૂ કરવા માટે આજે આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે આ આદેશને રાજનીતિના અપરાધિકરણની સામે એક મોટા નિર્ણય તરીકે ગણવામાં આવે છે. રાજનીતિને અપરાધીઓના સકંજામાંથી મુક્ત કરાવવાની દિશામાં મોટી પહેલ તરીકે આને ગણવામાં આવે છે. રાજકીય પક્ષોને કહેવામાં આવ્યું છે કે, તે ચૂંટણી મેદાનમાં ઉતરનાર ઉમેદવારોના ક્રિમિનલ રેકોર્ડને પ્રજાની સમક્ષ રજૂ કરે. કોર્ટે એમ પણ કહ્યું છે કે, ઉમેદવારોના અપરાધિક રેકોર્ડને સાઈટ ઉપર અપલોડ કરવાની જરૂર રહેશે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, આ આદેશને નહીં પાળનાર રાજકીય પક્ષો સામે તિરસ્કારની કાર્યવાહી કરવામાં આવશે. ભાજપના નેતા અને સુપ્રીમ કોર્ટના વકીલ અશ્વિની ઉપાધ્યાય તરફથી દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતી વેળા સુપ્રીમ

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તરપ્રદેશની વજીરગંજ કોર્ટ સંકુલમાં બોંબ બ્લાસ્ટ

**બોંબ બ્લાસ્ટના કારણે સંકુલમાં અંધાધૂંધી : બે જૂથની વચ્ચે સંઘર્ષના લીધે દેશી બોંબ ઝીંકાયા : હવામા તમંચા લહેરાવાયા : બ્લાસ્ટના કારણે અનેક વકીલો ઘાયલ**

લખનૌ, તા. ૧૩

ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌની વજીરગંજ કચેરીમાં આજે દેશી બોંબ બ્લાસ્ટ થતાં ખળભળાટ મચી ગયો હતો. આ બ્લાસ્ટમાં અનેક લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા વકીલોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કોર્ટ સંકુલમાં બે જીવિત બોંબ પણ મળી આવ્યા હતા. ઘટનાની માહિતી મળતાની સાથે જ વહીવટીતંત્ર અને સરકારની ઉંઘ હરામ થઈ ગઈ હતી. હોદ્દેદાર સંજીવ લોધીના ચેમ્બરની સામે ત્રણ દેશી બોંબ ઝીંકવામાં આવ્યા હતા. એક બોંબ બ્લાસ્ટ થયો હતો. દેશી બોંબથી બાર એસોસિએશનના હોદ્દેદાર લોધી ઉપર હુમલો કરવામાં આવ્યો હતો જો કે તેઓ સહેજમાં બચી ગયા હતા. જિલ્લા કોર્ટમાં વકીલ સંજીવને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસનું કહેવું છે કે, આ બ્લાસ્ટ બે ગ્રુપ વચ્ચે સંઘર્ષના ભાગરુપે કરવામાં આવ્યો હતો. એકાએક બ્લાસ્ટના અવાજથી કોર્ટ સંકુલમાં અફડાતફડીમચી ગઈ હતી. ઉંડી તપાસ પણ ચાલી રહી છે. આ ઘટના બાદ સીસીટીવી ફુટેજ મારફતે હુમલાખોરોની તપાસ કરવામાં આવી રહી છે. હુમલાખોરોએ હાથમાં તમંચાઓ પણ લહેરાવ્યા હતા.



● અનુસંધાન પાન-૭ પર

## આગ્રા-લખનઉ એક્સપ્રેસ વે પર ભીષણ અકસ્માત

**ડ્રાઇવર ટ્રકનું પંચર કરાવી રહ્યો હતો ત્યારે પાછળથી બસે જોરદાર ટક્કર મારતાં બસનો આગળનો ભાગ ઊડી ગયો : ૧૪ના મોત**

ફિરોઝાબાદ,તા.૧૩

ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદ જિલ્લામાં બુધવારે રાત્રે એક ભીષણ દુર્ઘટના ઘટી હતી જેમાં ૧૪ લોકોના મોત નિપજ્યા છે. આગ્રા-લખનઉ એક્સપ્રેસ વે પર ઘટેલી આ દુર્ઘટનામાં ૨૨ લોકો ઈજાગ્રસ્ત થયા છે જેમાંથી પાંચની સ્થિતી અત્યંત ગંભીર છે. પ્રાપ્ય જાણકારી પ્રમાણે બિહાર જઈ રહેલી વોલ્વો બસની રસ્તા પર ઉભેલા ટ્રક સાથે ભીષણ ટક્કર થઈ હતી. રાત્રે ૧૦ વાગે ઘટેલી આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૧૪માંથી ૧૦ લોકોની ઓળખ થઈ ગઈ છે. દુર્ઘટનાની જાણ થતા જ પ્રશાસને ઘટનાસ્થળ પર પહોંચીને રાહત અને બચાવ કાર્ય શરૂ કરી દીધું હતું. બસમાં ૪૦થી ૪૫ પ્રવાસીઓ સવાર હતા. બસ અને ટ્રકની ટક્કર થતા જ હાઈવે પ્રવાસીઓની ચીસા-ચીસથી ગૂંજી રહ્યો હતો. આ દુર્ઘટના ઘટી ત્યારે

● અનુસંધાન પાન-૭ પર



## આગામી ૨૯ ફેબ્રુઆરી સુધી ફાસ્ટેગ મફતમાં અપાશે

ન્યુ દિલ્હી,તા.૧૩

હવે ફાસ્ટેગ માટે તમારે પૈસા ખર્ચ નહિં કરવા પડે. સરકારે બુધવારે જણાવ્યું કે, ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન વધારવાને ઈરાદે રાષ્ટ્રીય રાજમાર્ગ ઓથોરિટીએ ૨૯ ફેબ્રુઆરી સુધી ફાસ્ટેગ મફત આપવાનો નિર્ણય કર્યો છે. સરકારે દેશમાં ૫૨૭થી વધુ રાષ્ટ્રીય રાજમાર્ગો પર ફાસ્ટેગ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ ચાલુ કરી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે NH ટોલ પ્લાઝા પર ફાસ્ટેગ દ્વારા ડિજિટલ રીતે કલેક્શન વધારવા માટે ફાસ્ટેગ માટે ૧૦૦ રૂપિયાનો ચાર્જ નહિં લેવાનો નિર્ણય લીધો છે. તે ૧૫ ફેબ્રુઆરીથી ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૦ સુધી મફત ઉપલબ્ધ રહેશે.

ઈચ્છુક વ્યક્તિ વાહનના કાયદેસર રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર સાથે વેચાણ કેન્દ્રથી ફાસ્ટેગ મફળ મેળવી શકે છે. NHAI ફાસ્ટેગ તમામ રાષ્ટ્રીય રાજમાર્ગના ટોલ પ્લઝા, ક્ષેત્રીય પરિવહન કાર્યાલય, શેર સેવા કેન્દ્ર, પરિવહન કેન્દ્ર અને પેટ્રોલ પંપ સહિત અન્ય નિર્ધારિત સ્થળોથી લઈ શકાય છે.

## જૈફ બેજોસે ૧,૧૭૧ કરોડ રૂપિયામાં આવાસ ખરીદ્યું

**દુનિયાના સૌથી અમીર વ્યક્તિનો પ્રોપર્ટીમાં રેકોર્ડ : લોસએન્જલસ ખાતે ખરીદાયેલ આવાસમાં તમામ અતિ આધુનિક સુવિધાઓ : ડેવિડ ગેફેન પાસેથી કરેલી ખરીદી**

નવી દિલ્હી, તા. ૧૩

દુનિયાના સૌથી અમીર વ્યક્તિ અને એમેઝોનના વડા જૈફ બેજોસે લોસએન્જલસમાં ૧૬.૫ કરોડ ડોલર અથવા તો ૧૧૭૧.૫ કરોડ રૂપિયાની કિંમતમાં ભવ્ય આવાસની ખરીદી કરી છે. લોસએન્જલસમાં મોંઘી પ્રોપર્ટીના ક્ષેત્રમાં આ એક રેકોર્ડ છે. વોર્નર એસ્ટેટ નામથી આ બંગલો બેવરલી હિલ્સમાં નવ એકર વિસ્તારમાં છે. બેજોસે આ ભવ્ય મકાન મિડિયા કારોબારી ડેવિડ ગેફેન પાસેથી ખરીદ્યો છે. બેજોસે લોસએન્જલસમાં આ પ્રોપર્ટીની ખરીદી કર્યા બાદ આને લઈને ભારે ચર્ચા છે. મોંઘી પ્રોપર્ટીમાં પણ હવે બેજોસે નવો રેકોર્ડ સર્જ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## આસામમાં આગામી બે મહિનામાં ૬૧૪ મદરેસાને બંધ કરવાનો નિર્ણય

**હવે આ તમામ સંસ્થાઓને ઉચ્ચ અને ઉચ્ચતર માધ્યમિક સ્કુલમાં ફેરવી નાંખવા માટે તૈયારી : વિવાદ થવાની વકી**

ગુવાહાટી,તા. ૧૩

આસામ સરકાર આગામી એક બે મહિનામાં ૬૧૪ સરકાર દ્વારા સહાય આપવામાં આવી રહેલા ૬૧૪ મદરેસા અને ૧૦૧ સંસ્કૃત સંસ્થાને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. સાથે સાથે ભાજપના નેતૃત્વવાળી સરકારે ૧૦૧ સંસ્કૃત સંસ્થાનોને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. સાથે સાથે ભાજપ સરકારે કેટલાક મોટા નિર્ણય કર્યા છે. આસામના નાણાંપ્રધાન હેમંત બિસ્વાએ કહ્યુ છે કે રાજ્ય સરકારે લોકોના પૈસાનો ઉપયોગ ધાર્મિક શિક્ષણ પર ખર્ચ ન કરવાનો નિર્ણય કર્યો છે. બિસ્વાએ કહ્યુ છે કે અરબી અને ધાર્મિક પાઠ ભણાવવા માટેનુ કામ સરકારનુ નથી. એક ધર્મનિરપેક્ષ દેશમાં ધાર્મિક શિક્ષણને લઈને સરકાર દ્વારા નાણાં આપી શકાય નહી. જો સરકાર દ્વારા સંચાલિત મદરેસામાં ધાર્મિક બાબતોને ભણાવવાની મંજુરી આપવામાં આવે છે તો પછી ગીતા અથવા તો બાઈબલને પણ સરકારી ફંડથી ભણાવવામાં આવે તે જરૂરી છે. સરકારે કહ્યુ છે કે નિવૃતિ સુધી સરકાર શિક્ષકોને

● અનુસંધાન પાન-૭ પર

**ગાંધીનગર માટે**

આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી

**ફક્ત ફોન કરો**

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

**ગુજરાત સરકાર માન્ય LTC/કપલ/ફેમીલી પ્રવાસો**

લેહ-લદાખ (નુબ્રાવેલી-પેંગોગ) | દાર્જીલીંગ (ગંગટોક-લાચુંગ-પેલીંગ) | બેંગકોક પટાયા (ફૂકેટ કાબી)

કાશ્મીર (ગુલમર્ગ-પહેલગામ) | આંદામાન (હેવલોક-નીલ) | સિંગાપોર-મલેશિયા (થાઈલેન્ડ)

સિમલા (મનાલી-ડેલ-અમૃત) | ચારધામ (બદ્રી-કેદાર ગંગોત્રી-યમુનોત્રી) | યુરોપ | દુબઈ

સ્પે.કેરાલા (મુન્નાર-થેકડી-કોવાલમ) | સ્પે.ગોવા | ભુતાન (પારો-થિમ્પુ-પુનાખા)

8511103141 9998824488 9998826688

**નૂતન ટ્રાવેલ્સ** 26562322/24 • 9427455274 9898023955 • 9724303375

અભિનંદન અભિનંદન અભિનંદન



ક્રુભકો (ન્યુ દિલ્હી) ના ત્રીજી ટર્મ માટે ચુંટાયેલા ડીરેક્ટર...

રાષ્ટ્રના સહકારીતા ક્ષેત્રે ઉગતા સૂરજ

શ્રી પરેશભાઈ આર.પટેલને હાર્દિક અભિનંદન

શુભેચ્છકશ્રીઓ

નવીનભાઈ જે. પટેલ – ઉપાધ્યક્ષ
વિસાભાઈ સી. પટેલ – એક્ઝિક્યુટિવ ઓફિસર
કોદરભાઈ આર. પટેલ – અધ્યક્ષ
બેચરભાઈ જી. ચૌધરી – માનદ મંત્રી
રાજેન્દ્રકુમાર આર. શાહ – માનદ મંત્રી

ડિરેક્ટરશ્રીઓ

લાલભાઈ જી. પટેલ
અશોકકુમાર આર. પટેલ
સુરેશભાઈ વી. પટેલ
નિરંજનકુમાર એમ. બિહોલા
પ્રકાશભાઈ સી. પટેલ
સોમાભાઈ એલ. ચૌધરી
ચંન્દ્રકાન્તભાઈ સી. પટેલ
અંબાલાલ એસ. ઠાકોર
મનુભાઈ બી. પટેલ
માધાભાઈ ડી. ચૌધરી
ભાવેશભાઈ એન.પટેલ
યોગેશભાઈ જી. પટેલ
અમરતભાઈ એમ.ચૌધરી
વિનોદચંદ્ર એચ. પટેલ
ડીસ્ટ્રીક્ટ રજી.શ્રી.સ.મં.ગાંધીનગર.

ગાંધીનગર જીલ્લા સહકારી સંઘ - ગાંધીનગર




• Complementary top dry wash • Up to 30% discount on Exterior Beautification, Premium Interior Cleaning & Underbody coating
• Up to 25% discount on mechanical labour • Additional discounts for Hyundai Care App users
• Get additional discounts on Referring your friend

*T&C apply

HYUNDAI

Date: 14th to 18th Feb, 2020

**PUNJAB HYUNDAI**

| | |
|---|---|
| GANDHINAGAR | Plot No. 501/502, GIDC Gate-1,Sectar 28, GANDHINAGAR, ✆ 9825044192 |
| KALOL | C/1/30 GIDC Estate, Behind Aadhar Mall, KALOL, ✆ 9825077648 |
| DEHGAM | Nr.Atithi Hotel, Opp. Ashirwad Hospital, DEHGAM, ✆ 98250 70206 |